ટેકનોલોજી આપણી કિંમતી જણસ, એટેન્શન છીનવી લે ત્યારે...

ઘણીવાર આપણા જીવનમાં સૌથી જરૂરી ચીજ એ નથી હોતી જે આપણી પાસે છે, બલ્કે એ હોય છે 'જે આપણી પાસે નથી.' જેમ કે મોબાઇલ આપણો કાયમી સાથી છે. અને એમાં બધું જ છે. દુનિયા ભરના સમાચારો, અસંખ્ય તસ્વીરો, સેંકડો વિડીયો, દોસ્તોના મેસેજ, બેંકનાં એપ્સ, પુસ્તકો, સંગીત, ફિલ્મો, સોશિયલ મીડિયા...જાણે આખી દુનિયા આપણી હથેળીમાં સમેટાઈ ગઈ છે.

પરંતુ આ એક નાનકડા સ્ક્રીને આપણી એક ચીજ છીનવી લીધી છે- એટેન્શન (એકાગ્રતા)

છેલ્લા બે દાયકામાં, ટેકનોલોજીના ક્ષેત્રે જે પ્રગતિ થઇ છે તેનો એક ગેરફાયદો એ થયો છે કે માણસોના એટેન્શનની

ક્ષમતા ઘટી ગઈ છે, આપણા મગજ પર સતત ઈન્ફોર્મેશન-ઓવરલોડ રહે છે, જેના કારણે આપણે કોઈ એક ચીજમાં પુરતું ધ્યાન નથી આપી શકતા.

ટેકનોલોજીના કારણે આપણી પ્રોડક્ટિવટી તો વધી છે, પરંતુ માનસિક રીતે આપણે થકાન અનુભવતા થઈ ગયા છીએ. આપણે જેમ જેમ ટેકનોલોજીઓ વધારતા જઈએ છીએ તેમ તેમ જીવન તેજ થતું જાય છે. આપણું મન આવી મેરેથોન માટે બન્યું નથી, પરિણામે આપણી એકાગ્રતામાં દખલ પડી છે. પરિવારોમાં એવી ફરિયાદ સામાન્ય થઇ ગઈ છે કે બાળકો બહુ ધ્યાન નથી આપતાં, લાંબુ વાંચતાં નથી, કોઈ કામમાં લાંબો સમય સુધી ચિત્ત પરોવી શકતાં નથી.

ફાયરવોલ

રાજ ગોસ્વામી

આની સૌથી મોટી અસર કદાચ પુસ્તક-વાંચન પર જોવા મળે છે. બાળકો જ નહીં, મોટાઓ માટે પણ લાંબા લખાણ સાથે સતત જોડાયેલા રહેવું પહેલાં કરતાં મુશ્કેલ બની રહ્યું છે. અમેરિકામાં 2022ના એક અભ્યાસમાં સરેરાશ 30 ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓ ડિજિટલ ઉપકરણોને કારણે ભણવામાંથી ભટકી જાય છે. મનોરંજન માટેના વાંચન અંગે પણ ચિંતાજનક સંકેતો છે. 2025માં પ્રકાશિત એક મોટા અમેરિકન અભ્યાસમાં 2003થી 2023 સુધીના 2.36 લાખથી વધુ લોકો સમયનો કેવી રીતે ઉપયોગ કરે છે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. તેમાં રોજિંદા સ્વાનંદ માટેના વાંચનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો- 2023માં માત્ર 16 ટકા લોકો મનોરંજન માટે વાંચતા હતા. આ આંકડાઓને ભારત પર સીધા લાગુ કરી શકાય નહીં. પરંતુ તેઓ એક મોટા વૈશ્વિક પરિવર્તન તરફ ચોક્કસપણે ઈશારો કરે છે: આપણી પાસે વાંચવા માટે પહેલાં કરતાં વધુ સામગ્રી છે, પરંતુ તેને શાંતિથી અને એકાગ્રતાથી વાંચવા માટેનો સમય અને માનસિક અવકાશ ઘટી રહ્યો છે.

અને અહીં સમસ્યા માત્ર એટલી નથી કે આપણે ઓછું વાંચીએ છીએ. સમસ્યા એ છે કે લાંબું વાંચવું આપણને લાંબું વિચારવાનું પણ શીખવે છે. પુસ્તક આપણને તરત જવાબ આપતું નથી; તે આપણને થોડો સમય રોકે છે, એક વિચારને અનુસરવા મજબૂર કરે છે, આગળનું પાનું ખોલતાં પહેલાં પાછલા પાનાં વિશે વિચારવા દે છે.

કદાચ આ જ કારણ છે કે આજે આપણને એવી ટેક્નોલોજીની પણ જરૂર પડી રહી છે જે આપણને વધુ વસ્તુઓ આપવાને બદલે વસ્તુઓથી દૂર રાખે- અને અહીં Xteink X3 નામની નવી અને નાની ડિવાઈસ દિલચસ્પ બની રહી છે.

આ એક ઈ-રીડર ડિવાઈસ છે. મતલબ કે તે પુસ્તકો વાંચવાનું સાધન છે. તેનું નિર્માણ બે વર્ષ જૂની Xteink નામની હોંગકોંગ સ્થિત હાર્ડવેર સ્ટાર્ટઅપ કંપનીએ કર્યું છે. લાગે છે કે તે કિન્ડલ સાથે સ્પર્ધા કરવામાં આવે છે. આ આવકાર્ય પણ છે. આજે આપણને એવાં ડિવાઈસની જરૂર પણ છે જે નાના-મોટા દરેકમાં પુસ્તકના વાંચનની આદતને ફરીથી વિકસાવે. પહેલી નજરમાં આ કોઈ ખાસ તકનીકી ક્રાંતિ નથી લાગતી. ન તો તે સ્માર્ટફોન છે, ન તો ટેબ્લેટ. તેનો સ્ક્રીન કેવળ 3.7 ઇંચનો છે. આકાર લગભગ ક્રેડિટકાર્ડ જેવડો. વજન આસરે 58 ગ્રામ. એટલું નાનું અને હલકું સાધન કે ખિસ્સામાં છે કે નહીં તે પણ ખબર ન પડે.

પણ તેની ખૂબી એ છે કે તે 5,000થી વધુ પુસ્તકો લોડ કરી શકે છે.

કલ્પના કરો કે તમે રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જુવો છો. તમારી પાસે અડધો કલાક છે. તમે મોબાઈલ કાઢો છો. તમને થાય છે કોઈ ડિજિટલ કે ઈ-બુક્સ વાંચી લઉં. પણ મોબાઈલ ખોલતાં જ તમને દસ નોટિફિકેશન દેખાય છે. કોઈએ વિડીયો મોકલ્યો છે, સોશિયલ મીડિયા પર ઝઘડો ચાલે છે, બ્રેકિંગ ન્યુઝની એલર્ટ આવી છે, ઈન્સ્ટાગ્રામની રીલ તમને બોલાવે છે.

મોબાઈલ ખરાબ નથી. એ તેનું કામ બરાબર કરે છે. પરંતુ તેની એક જ 'કમજોરી' છે; તે તમને એક જગ્યાએ ઠરીને 'બેસવા' દેતો નથી. તે તમારું એટેન્શન છીનવી લે છે.

Xteink એનાથી એકદમ ઉલટું છે. એમાં ન તો મેસેજ આવે છે, ન તો નોટિફિકેશનની સુવિધા છે. એમાં કોઈ અલગોરિધમ પણ નથી, જે તમને દર સેંકડે બીજી કોઈ ચીજ માટે લલચાવતું હોય. તમે એને ખીસ્સામાંથી કાઢો અને તમારું ગમતું પુસ્તક વાંચવાનું ચાલુ કરી દો.

તમને પોકેટ-બૂક યાદ છે? રેલ્વે સ્ટેશનના સ્ટોલ પર 50-100 રૂપિયામાં મળતી હતી. ખાસ ટ્રેન પ્રવાસ માટે. એ આરામથી હાથમાં રહી જાય. આ ડિવાઈસ પણ એવું જ સુવિધાજનક છે- જાણે ખિસ્સામાં ચોપડી મૂકી હોય. ફરક એટલો જ છે તેની અંદર સેંકડો પુસ્તકો હોય છે.

છેલ્લા દાયકાથી ટેકનોલોજીની દુનિયામાં એક ડિવાઈસમાં

છેલ્લા બે દાયકામાં, ટેકનોલોજીના ક્ષેત્રે જે પ્રગતિ થઇ છે તેનો એક ગેરફાયદો એ થયો છે કે માણસોના એટેન્શનની ક્ષમતા ઘટી ગઈ છે

અનેક સુવિધાઓ નાખવાનું ચલણ છે. મોબાઈલમાં કેમેરા નાખ્યો. પછી ટીવી નાખ્યું. પછી બેંક. પછી ઈ-ટીકીટ. પછી પુસ્તકો. પછી ઓફીસ પણ આવી. હવે આખું ઈન્ટરનેટ છે. એમાં જ આપણું ધ્યાન વિચલિત રહે છે.

આ નવું ઈ-રીડર ઉલટો સવાલ પૂછે છે- 'શું આપણને દરેક કામ કરવા માટે એક જ મશીન જોઈએ?' કદાચ નહીં. આપણને એવી પણ ચીજ જોઈએ છે જે આપણને બાકી દુનિયાથી થોડીવાર માટે એકલા કરી દે. ઈ-રીડર આ વિચારનું પ્રતિનિધિ છે. ટેકનોલોજીનો અર્થ હંમેશા વધુ સુવિધાઓ આપવાનો નથી હોતો; ક્યારેક તેનો ઉદ્દેશ બિનજરૂરી સુવિધાઓ હટાવી દેવાનો પણ હોય છે. ટેકનોલોજીનો મકસદ તમને એવો અહેસાસ કરાવવાનો પણ નથી કે તમે કોઈ અત્યાધુનિક મશીનને વાપરી રહ્યા છો; તેનો મકસદ તમને એવું ભુલાવી દેવાનો પણ છે કે તમે કોઈ મશીનનો ઉપયોગ કરી રહ્યા છો. કેવી અજીબ વાત છે કે આપણે ટેકનોલોજી એટલા મત વિકસિત કરી હતી કે દુનિયા આપણી નજીક આવે. અને હવે તે એટલી નજીક આવી ગઈ છે કે આપણને એવા યંત્રની જરૂર પડી છે જે આપણને ક્યારેક એ દુનિયાથી દૂર રાખે. આપણે એવું માનીએ છીએ કે સૌથી સારી ટેકનોલોજી એ છે જેમાં વધુ ફીચર હોય, તેજ હોય અને મોંઘી હોય. પણ જીવનના સૌથી સારા અનુભવ એ ચીજોમાંથી આવે છે જેમાં 'કશું હોતું નથી.' પુસ્તકોમાં નોટિફિકેશન નથી હોતાં. જૂની ડાયરીમાં કોઈ વિજ્ઞાપન નથી હોતાં. ચિઠ્ઠીમાં વચ્ચે વિડીયો નથી આવતો.

હવે એક નાનકડું ડિવાઈસ આપણને આવો જ અનુભવ કરાવવા જઈ રહ્યું છે.

રોંગ સાઈડ ચિંતન

ખનું મથાળું, ઘણા ચિંતનલેખો ને મોટિવેશન-લેખોની જેમ, ગેરરસ્તે દોરનારું હોવાથી, સૌ પ્રથમ સ્પષ્ટતા: આ લેખ ચિંતન લખતાં લખતાં રોંગ સાઈડે ચડી ગયેલા ચિંતકો વિશેનો નથી. તેમનાથી ઓછા, પણ સ્વતંત્રપણે ઘણા ખતરનાક એવા રસ્તા પરના રોંગ-સાઈડીયાઓ વિશેનો છે. 'રોંગ-સાઈડીયા' જેવા શબ્દપ્રયોગમાં કોઈને ભાષાશુદ્ધિનો વાંધો પડે કે તે પ્રયોગ વ્યાકરણની 'રોંગ સાઈડ' પર લાગે તો ભલે, પણ રોંગ સાઇડ ચલાવનારા જેમ તેમના ઠેકાણા સુધી પહોંચી જાય છે તેમ જ, આ શબ્દનો ભાવ તેના વાંચનાર સુધી પહોંચી જશે, તેની ખાતરી છે.

આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ, જ્યારે કોઈને કહેવાય નહીં કે તમે રોંગ સાઈડે છો. તેમને એવું લાગે કે આપણે તેમની રાજકીય પસંદગીની વાત કરીએ છીએ. તેનાથી વધારે ગંભીર શક્યતા એ છે કે તે રોંગ સાઈડની ટીપ્પણીનો જવાબ આપે અને તે પણ કાળબળને, એટલે કે ગલગોટિયા યુનિવર્સિટીનાં અધ્યાપિકાને છાજે એવો: 'તમારી રોંગ સાઈડ મારી રાઈટ સાઈડ હોઈ શકે છે.' તે સાંભળીને કાચોપોચો માણસ એક વાર તો વિચાર કરતો થઈ જાય ને તે વિચારી રહે ત્યાં સુધીમાં રોંગ સાઈડે ચલાવનાર ક્યાંનો ક્યાં નીકળી ગયો હોય.

ચોતરફ ધ્રુવીકરણ અને ઉશ્કેરાટના જમાનામાં ગીતામાં વર્ણવેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ ધરાવતું જણ મળવું અઘરું છે, પણ તેના મળવાની સૌથી વધારે શક્યતા રસ્તા પર, વધુ ચોકસાઈથી કહીએ તો, રોંગ સાઈડ પર હોય છે. રોંગ સાઈડ પર વાહન ચલાવનાર માણસને જોઈને પોલીસે 'ક્યાં છે તમારું લાયસન્સ?' એવું પૂછવાને બદલે 'ક્યાં છે તમારાં ચરણ?' એવું પૂછવું જોઈએ. કારણ કે એવા ઘણાખરા લોકો સ્થિતપ્રજ્ઞતાની સાક્ષાત્ મૂર્તિઓ હોય છે. જેવા ભારે ટ્રાફિકમાં લોકોને સાચી સાઈડે ચલાવવામાં ખતરો લાગતો હોય અને ટેન્શન થતું હોય એવા ઠેકાણે, માથે બરફ મૂક્યો હોય એવી ટાઢકથી રોંગ સાઈડે વાહન ચલાવનાર માણસ સ્થિતપ્રજ્ઞ નહીં તો બીજું શું કહેવાય?

સામી (અને સાચી) દિશામાંથી આવતા વાહનચાલકો આંખો કાઢતા હોય ને ઘૂરકિયાં કરતા હોય, કેટલાક ગુસ્સે થઈને હોર્ન પર હોર્ન મારતા હોય ને વળી ક્યારેક સ્વસ્તિવચનો પણ ઉચ્ચારતા હોય, કોઈ ઝનૂની ઉપર ચડી આવતા હોય એવું કરે... જેને જે કરવું હોય તે કરે, પણ તેનાથી રોંગ સાઈડે ચલાવનાર તેમની સ્થિતપ્રજ્ઞતા ગુમાવતા નથી. એ તો સૌ સામે જોઈને કરુણાસભર સ્મિત કરે છે, જાણે ભગવાન બુદ્ધ બનીને સામેવાળાને આંખોથી પૂછતા હોય, 'એવું એક ઘર બતાવો, જેમાંથી કોઈએ કદી રોંગ સાઈડમાં વાહન ચલાવ્યું ન હોય' અથવા ઈસુ ખ્રિસ્ત બનીને કહેતા હોય, 'મારી સામે એ જ ઘૂરકિયાં કાઢે, જેણે જીવનમાં એક પણ વાર રોંગ સાઈડે વાહન ચલાવ્યું ન હોય.'

બોલ્યું-ચાલ્યું માફ

ઉર્વિશ કોઠારી

જોકે, સાચી દિશામાંથી ધસી આવનારા મોટા ભાગના લોકોની આધ્યાત્મિક કક્ષા એવી હોતી નથી કે તે આટલી ઊંચી ભૂમિકા સમજી શકે. એટલે એ તો રોંગ સાઈડે ચલાવનારને બુદ્ધ કે ઈસુની સમકક્ષ ગણવાને બદલે નફ્ફટ, બેશરમ ને દાંડ જ ગણે છે. તેમને લાગે છે કે તેઓ (રોંગ સાઈડે ચલાવનારા) શું કરી રહ્યા છે તેની તેમને બરાબર ખબર છે અને છતાં પણ, તે એ ધરાર કરી રહ્યા છે. તેને નફ્ફટાઈ નહીં તો

રોંગ સાઇડ પર વાહન ચલાવનાર માણસને જોઈને પોલીસે 'ક્યાં છે તમારું લાયસન્સ?' એવું પૂછવાને બદલે 'ક્યાં છે તમારાં ચરણ?' એવું પૂછવું જોઈએ

બીજું શું કહેવાય?

આ દલીલનો પૂર્વાર્ધ બિનવિવાદાસ્પદ રીતે સાચો છે: રોંગ સાઈડે ચલાવનારને બરાબર ખબર હોય છે કે તે રોંગ સાઈડ પર આગળ વધી રહ્યા છે. છતાં, તેમના ચહેરા પર ક્ષોભ કે સંકોચ નહીં, દેખાય તો કદાચ ગૌરવ દેખાય. રોંગ સાઈડ પર હોવાને કારણે ચૂમાઈને, ખચકાતાં ખચકાતાં, નજર નીચી ઢાળીને, મોં પર દયાની અને ઉદારતાની યાચના કરતું સ્મિત રાખીને વાહન હંકારનારા લોકો ઓછા મળશે--ગરવી ગુજરાતમાં તો ભાગ્યે જ. કારણ કે, શરમને બદલે ગૌરવ આપણી નવી ઓળખ અને નવું જીવનસૂત્ર છે. તેના કારણે મોટા ભાગના રોંગ સાઈડીયા એવી છટાથી વાહન હંકારે છે કે શરમાવાની-નીચું જોવાની ફરજ સાચી દિશામાંથી આવતા લોકોની પડે છે. તેમને એ વાતે શરમ આવી શકે છે કે આપણને રાઈટ સાઈડે ચલાવવામાં ફાંફાં પડી જાય છે ને આ જણ કેવી ખુમારીથી રોંગ સાઈડે ચલાવી રહ્યો છે.

હા, રોંગ સાઈડે ચલાવવું એ ઘણા માટે ફક્ત સુવિધા કે આળસનો નહીં, ખુમારીનો મામલો પણ હોઈ શકે છે. તેમને લાગે છે કે હવે તો તે કમાયા છે ને સમૃદ્ધ થયા છે. ઓળખાણો પણ વિસ્તરી છે. તો પછી રાઈટ સાઈડે ચલાવવાની વેદિયાગીરીનો શો અર્થ? જ્યાં સુધી ટ્રાફિકના બે-ચાર કાયદા ન તોડીએ ને ત્યાર પછી પણ રૂપિયા ભર્યા વિના નીકળી ન જઈએ, ત્યાં સુધી જીવનમાં કશું ઉકાળ્યું હોય એવું શી રીતે લાગે? પોલીસ અટકાવે, ઊભા રાખે, ઉપદેશ આપે અને દંડ માગે ત્યાર પછી પણ ત્યાંથી એમ જ નીકળીએ ત્યારે 'પદ્મશ્રી' મળ્યા જેવી અનુભૂતિ થઈ શકે છે. એમ થાય છે કે હવે સમાજમાં આપણું કંઈક સ્થાન બન્યું.

ગામના-શહેરના રસ્તા પર રોંગ સાઈડે ચલાવવાનું ચાલે ત્યાં સુધી ચાલે, પણ ક્યારેક તે તકલીફમાં મૂકી શકે. તેની સરખામણીમાં રાજકારણમાં નીતિમત્તાના-સિદ્ધાંતોના રસ્તે રોંગ સાઈડ પર ચાલવામાં ફાયદો જ ફાયદો છે. એવી રીતે ચાલતાં-ચલાવતાં માણસ છેક ટોચ સુધી પહોંચી શકે છે. ત્યાર પછી માણસ તો નથી બદલાતો, પણ સાઈડ બદલાઈ જાય છે ને રોંગ સાઈડ રાઈટ સાઈડ તરીકે ઓળખાવા લાગે છે.

ઈશિતાનું અલકમલક

તું અનાડી મેં ખિલાડી!

દારુના રીઢા બંધાણીઓનું રાષ્ટ્રીય ગીત ગણી શકાય એવું એક ગીત છે, જેની પંક્તિઓ છે : 'ચાલો, ઘૂમ દારુ ઢીંચીએ..બહુ પીશું એટલે ખૂબ ઊંઘ આવશે.. ખૂબ ઊંઘ આવશે એટલે આપણે કંઈ કરી નહીં શકીએ.. કંઈ નહીં કરીએ એટલે આપણે હાથે પાપ પણ નહીં થાય, પાપ નહીં થાય એટલે આપણને સ્વર્ગ મળશે માટે ચાલો, દારું ઢીંચીને આપણે સ્વર્ગમાં જઈએ Lets drink n go to heaven! દારુડિયાની આવી સીધી-સાદી-સરળ, છતાં સચોટ ફિલસૂફી બધાને ગમી જાય તેવી છે અને કોઇને પણ નશો કરવા માટે બહેકાવે તેવી છે. આમેય તમે જોયું હશે-નોધ્યું પણ હશે કે નશો કર્યા પછી ગમે તેવો કપટી આદમી પણ સાચું બોલી જાય છે. આવા બેવડાબાજનો એક કિસ્સો જાણવા જેવો છે. ચોરી-ચપાટી કરતા મોટાભાગનાને નશાની આદત હોય છે. કેટલાક તો નશાનો ખર્ચ કાઢવા ચોરીની લતે ચઢી જતા હોય છે. સો વાતની એક વાત, આ બન્ને કુટેવ મોટાભાગે સમાંતર જ ચાલતી હોય છે.

મૂળ વાત પર આવીએ તો થોડા સમય પહેલાં નાગપુરમાં અચાનક મોટરબાઈક ચોરીની ઘટનાઓ વધવા માંડી. નાગપુર જેવા કોઈ પણ શહેરોમાં વાહનોની ચોરી આમ તો સામન્ય ગણાય, પણ છેલ્લાં કેટલાક દિવસથી જે ઝડપે ત્યાં બાઈક ચોરાતી હતી ને ચોર-ઊચ્ચકાનો જે રીતે અત્તો- પત્તો નહોતો લાગતો એનાથી પોલીસ પણ મૂંઝાતી રહી. આ બધા વચ્ચે, વિભિન્ન વિસ્તારમાં વધુ સીસી ટીવી કેમરા- સાથે નાઈટ વેળાએ વધુ સાબદી નિગરાની ગોઠવ્યા બાદ પોલીસના હાથમાં અંતે એક બાઈકચોર ઝડપાયો પણ ખરો. ઊલટતપાસમાં પરવેશ નામના એ બાઈકચોરે અનેક મોટરબાઈક પોતે ચોરી છે એવી કબૂલાત પણ કરી. એની મોડસ ઓપરેન્ડી એવી હતી કે જ્યાં જ્યાં રાતે બાઈક પાર્ક થતી એ એરિયાની પૂરતી રેકી કરી-જાત નિરીક્ષણ કરીને ત્યાંથી આબાદ રીતે બાઈક ઊંચકી જતો. પછી બાઈકની બેટરી-સેલ કાઢી લઈ-બાઈકને ત્યાં પડતી મૂકી બેટરી ત્યાંની ચોર માર્કેટમાં વેચી મારતો. બાઈકની બેટરીનો એને સારા દામ મળતો. એને દારુ ઢીંચવાની જબરી લત લાગી ગઈ હતી એટલે એને દારુના નશા માટે લગભગ રોજ બેટરી ચોરવી પડતી. બાઈક ચોર પકડાયો - જ્યાં એ ચોરેલી બેટરી વેચતો એ વેપારી પણ પકડાયો. મુદ્દાના માલ જેવી ચોરાયેલી અનેક બાઈક ક્યાં? એની આકરી તપાસ પોલીસે માંડી તો પેલો પિચક્ડ બાઈકચોરે જે જવાબ આપ્યો એનાથી પોલીસવાળા તો છક્કડ ખાઈ ગયા. સતત નશામાં રહેતો એ બાઈક ઊચક્કો પરવેશ પોલીસને કહે: 'ઘણી બાઈક મેં ચોરી -કબૂલ. એની બેટરીઓ વેચી મારીને એ પૈસાનો દારુ ગટગટાવી ગયો એ વાત પણ કબૂલ, પણ બાઈકેની બેટરી કાઢીને એ બાઈકની ક્યાંથી ચોરી કરી ને ક્યા વિસ્તારમાં એને પડતી મૂકીને હું પલાયન થઈ જતો એ બધાં સ્થળ મને હવે જરાય યાદ નથી -ઈલ્લે! યુ નો, હું તો સતત નશો કરીને રાજાપાઠમાં રહેતો!' હવે પોલીસ આવા રીઢા દારુડિયાને શું જવાબ આપે? એ તો હજુય બેટરી વીનાની ચોરાયેલી અનેક મોટરબાઈકની શોધમાં છે! હવે બોલો, આમાં કોણ અનાડી કોણ ખિલાડી?

એક મેરેજ માટે બબ્બે પ્રકારના વીમા!

આજકાલ ચીન -કોરિયા- જાપાનમાં ન જાણે કેમ મેરેજ કરવા કે ન કરવાને લઈને ત્યાંની જુવાન પેઢીમ કંઈક અલગ પ્રકારના જ અભિગમ ધરાવે છે. અહીં એક વર્ગ એવો છે, જેમને લગ્ન કરવા જ નથી - એકાકી જીવન ગાળવું છે. બીજા વર્ગના યુવાન-યુવતીને લગ્નના બંધનમાં સપડાવું નથી. હા, એમને લગ્ન સંસારનો સ્વાદ લેવા 'લિવ ઈન રિલેશનશીપ'માં રહેવું વધુ પસંદ છે તો અહીં ત્રીજો વર્ગ એવો પણ છે, જેમને નથી મેરેજ કરવા -નથી 'લિવ ઈન'માં રહેવું એમને ફક્ત કામચલાઉ -'વીક એન્ડ' રિલેશનમાં વધુ રસ છે - શનિ-રવિ સંબંધ અને સોમવારે બન્ને છૂટાં! એકમેકને આ સંબંધ પસંદ પડે તો આગામી શનિ-રવિવારે વ્હિસ્કીની ભાષામાં સંબંધ 'રિપીટ', નહીંતર 'નવી ગિલ્લી- નવો દાવ'! આવા બધા સંબંધોની માયાજળ વચ્ચે ચીનમાં એક ચતુર સુજાણ એક નવા જ પ્રકારની સ્કિમ લઈને આવ્યો છે. એ મિસ્ટર ચાઈનીસે Zikilove નામની એક વેબસાઈટ પર દુનિયાની પહેલી લવ -રિલેશનશીપ ઈન્શ્યોરન્સ પોલિસી લોન્ચ કરી છે, જે અનુસાર પાંચ વર્ષ પ્રીમિયમ ભરા ને જો કોઈ જુવાન હૈયાંઓનો પ્રેમ સંબંધ ત્યાં સુધી ટકી ગયો તો દસ ગણી રકમ પરત! હા, વચ્ચે બ્રેક-અપ થઈ જાય તો કંઈ ન મળે આ લવ - પોલિસી આજકાલ ચીનની યુવાન પેઢીમાં વાયરલ થઈ રહી છે. હવે આ પણ જાણી લો..એક અવનવા પ્રકારને 'લવ-મેરેજ પોલિસી' પણ ચીનમાં છે. 'અમુકથી લઈને તમુક વર્ષ દરમિયાન તમારા મેરેજ થવાની શક્યતા ઓછી છે. આમ છતાં જો થઈ જાય તો અમારી કંપની તમે જે 'લવ-મેરજ ઈન્શ્યુરન્સ' વીમો ઊતરાવ્યો છે એની પૂરી રકમ તમને પરત ચૂકવી આપશે..' આ પ્રકારના 'લવ-મેરેજ'ની વીમા પોલિસી પણ આજકાલ ચીની યુવાનોમાં બહુ લોકપ્રિય છે. 'લવ કે મેરેજ વિશે કામદેવનાનો ભરોસો નહીં. કોઈ પણ ક્ષણે કામદેવનાં બાણ વીંધી શકે..' એવા માહોલમાં આવા વીમા ઊતરાવવા સારા..!' એવું ધારીને આવી એક પોલિસી ચીનના સિચુઆન પ્રાંતના લિયુ ઝિયાઓમિંગે લીધી હતી, પણ એના લગ્ન નિયત સમય કરતાં વહેલાં થઇ ગયા માટે એણે વીમા કંપની પાસે ૯૯૯૫ યુઆન (આશરે દોઢ લાખ રૂપિયા)ની રકમનો દાવો કર્યો, પણ હવે પેલી ઈન્શ્યુરન્સ કંપની ચૂકવણી માટે આનાકાની કરે છે એટલે યુવાન લિયુ કોર્ટે ચઢ્યો છે !

ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» તાજેતરમાં 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ -૨૦૨૬'નો સત્તાવાર સર્વેક્ષનો અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો છે. એ અનુસાર ૧૦ લાખથી વધુ વસતિ ધરવતા શહેરોમાં 'સૌથી સ્વચ્છ શહેર' તરીકે લખનઉ પછી બીજા સ્થાને ઈન્દોર - ત્રીજા સ્થાને જબલપુર અને ભોપાળ- આગ્રા ચોથા સ્થાને તથા પાંચમા નંબરે લહેરી લાલાઓના શહેર સુરતની વરણી થઇ છે. સ્વચ્છ શહેરોને વરણી વચ્ચે 'આમચી મુંબઈ' પણ સમાચરોમાં ચમક્યું છે, પણ અ-સ્વચ્છતાને કારણે રોડ પર કચરો ફગાવવો અને બાંધકામનો કાટમાળ પણ જાહેર સ્થળે ઠાલવવા બદલ મુંબઈગરાઓએ છેલ્લાં પાંચ મહિનામાં ૯૦ લાખ, ૨૨ હજર અને ૬૨૬ રૂપિયાનો દંડ ભર્યો છે. એ જ રીતે, ઘર-દુકાનના પરિસર ચોખ્ખા ન રાખવા બદલ મુંબઈ મહા સુધરાઈએ ૩૫ લાખ રૂપિયા પણ વસૂલ કર્યા છે!

ઈશિતાની એલચી

ગુજરાતી ભાષામાં 'ઢ' માત્ર એક અક્ષર જ નથી, પરંતુ એ એક એવું સંપૂર્ણ વાક્ય છે, જેમાં ઘણા બધા અર્થ સમાઈ જાય છે!